મહત્તમ : ૪૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૮ ટકા
ગાંધીનગર તાપમાન

આજે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ

ગોળ વિના મોળો કંસાર અને મા વિના સૂનો સંસાર

શહેરમાં આંતરરાષ્ટ્રીય માતૃ દિવસની ઉજવણી કરાશે : બજારમાં માતૃ દિવસ નિમિતે વિવિધ ગીફ્ટ કાર્ડ સહિત અવનવી ગીફ્ટની બોલબાલા

મધર્સ ડેનો ઈતિહાસ શું છે?

મે મહિનાનનો બીજો રવિવાર મધર્સ ડે તરીકે ઉજવાય તો છે પણ તેનું મુખ્ય તાત્પર્ય શું હતું તે બાબતથી સૌ અજાણ છે. આન્ના મારીયા રેવીસ જાર્વીસ નામની અમેરીકન મહિલાએ સૌપ્રથમ ઈ.સ. ૧૮૫૦માં મધર્સ વર્ક ક્લબની સ્થાપના કરી હતી જેનો મુખ્ય હેતુ ગરીબ વિસ્તારના લોકોને સહાય કરવાનો અને લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવાનું હતો. ૧૮૫૦માં અચાનક ફાટી નીકળેલા યુ?ધમાં આન્ના અને તેના સહયોગીઓએ ઘાયલ સૈનિકોને મદદ કરી અને સારવાર આપી. આ કાર્ય તેમણે દેશનાં કોઈ ભેદભાવ વગર યુ?ધમાં ઘાયલ તમામ સૈનિકોને સમાન ગણીને કર્યુ અને માનવતાની મિસાલ કાયમ કરી. શાંતિ અને માનવતાનો આ સંદેશ તેમણે યુ?ધ પૂરુ થયા પછી પણ જીવનપર્યંત જાળવી રાખ?યો. ૧૨ મે ૧૯૦૭ના આન્ના મારીયાનું અવસાન થયુ ત?યારબાદ તેમની પુત્રી અન્ના જાર્વીસે પોતાની માતા અને તેના સત?કર્મોને જીવંત યાદગાર રાખવા તેમજ વિશ્વભરની માતાઓને આ દિવસે વર્ષમાં એક વખત ગૌરવ અપાવવા મધર્સ ડે ઉજવવાનું એલાન કર્યુ. શરુઆતમાં માત્ર થોડા ગામ સુધી આ ઉજવણી સીમિત હતી. પરંતુ રાષ્ટ્રપતિ વુડ્રો વિલ?સને મે માસ ના બીજા રવિવારને મધર્સ ડે તારીખે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર, તા.૧૩

મે મહિનાનો બીજો રવિવાર એટલે મધર્સ ડે. મે મહિનાનાં બીજા રવિવારે મધર્સ ડે ડે ઉજવવામાં આવે છે.પ્રેમ, વાત્સલ્ય, ત્યાગ અને મમતાની મૂર્તિ એટલે "મા" જગતમાં સર્વપ્રથમ અને બાળકના મુખમાંથી નિકળતો પ્રથમ શબ્દ હોય તો તે "મા" " છે. તે બાળકની પ્રેરણાદાયી છે.જન્મ સમયે બાળકને રડતો જોઈ હસનાર છે "માં" અને પોતાના સ્નેહભર્યા સ્પર્શથી શાંત રાખનાર પણ છે "માં". માતા ધરતી છે.જગતનું સૌથી પહેલું ચુંબન માતાનું હોય છે. વિનોબા ભાવે કહ્યું તું કે જગતમાં બધું જ પસંદ કરી શકાય છે. માતા પસંદ કરી શકાતી નથી. માતા સ્વ-ધર્મ જેવી છે.

જો ઘરેથી "મા"ના આશીર્વાદ લઈને નીકળીએ તો દુનિયાની કોઈ તાકાત તમને હરાવી ન શકે એક "મા" આગળ તો દુનિયા નો વૈભવ પણ ટૂંકો લાગે. "માં" હંમેશા પોતાના સંતાનને દુનિયાનો સર્વશ્રેષ્ઠ મનુષ્ય બનાવવા મોંઘા માં મોંઘુ ભણતર આપી તેમનામાં સંસ્કારોનું સિંચન કરે છે એટલે જ શાસ્ત્રોમાં જો કોઈને પ્રથમ ગુરુ કહ્યા હોય તો એ છે એમાં માની મમતા શબ્દોમાં જણાવી ખૂબ જ કઠિન છે એટલે જ કહ્યું છે ને કે "મા" ભગવાનનું સ્વરૂપ છે.

મા શબ્દ મમતાથી ભરેલો છે. માની મમતા માત્ર માનવ સૃષ્ટિમાં જ જોવા મળે છે. એવું નથી પશુ-પક્ષીઓને પણ પોતાના બચ્ચા માટે અનહદ પ્રેમ હોય છે. ચકલી ચણ લાવીને બચ્ચાને ખવડાવે છે. ગાય વાછરડાને જીભ વડે ચાટી પોતાના મમતા બતાવે છે. વાંદરી પોતાના બચ્ચાને છાતીએ વળગાડી ફરે. જો આ અબોલા પ્રાણીમાં પણ આટલી માયાને લાગણી હોય, તો માનવ માતાની તો શું વાત કરવી એટલે જ કહેવાય છે ને કે,

" જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે."

ત્રણ પ્રત્યક્ષ દેવતાઓમાં માતા, પિતા અને ગુરુનું સ્થાન છે. આ ત્રણેમાં માતા પ્રથમ છે. દુનિયામાં એક મા નો સંબંધ જ એવો છે કે જેમાં કોઈ છળકપટ હોતું નથી. કોઈ સ્વાર્થ કે લોભ હોતો નથી. માતાની ગોદ શીતળ અને મીઠી લાગે છે. માતાના ખોળામાં સૂઈ રહેલા બાળકને ફૂલોની પથારી કરતા પણ વધારે સુખનો અનુભવ થાય છે. એટલે જ કહેવત પડી છે કે -

'ગોળ વિના મોળો કંસાર અને મા વિના સૂનો સંસાર.'

મધર્સ ડે નિમિતે બજારમાં રોનક :

મધર્સ ડે ના દિવસે માને ગીફ્ટ તથા કાર્ડસ આપી વંદન કરાશે. આ દિવસને વધુ ખાસ બનાવવા માટે, બાળકો તેમની માતાને ભેટ આપે છે. ત્યારે ગીફ્ટ તથા કાર્ડસ માટે શહેર માં ગીફ્ટ કાર્ડ વાળી દુકાનોમાં અવનવી ગીફ્ટો જેવી કે વુડન સ્ટેન્ડ વાળી મધર્સ ના કોટેશન વાળી ફ્રેમ જે ટેબલ ઉપર રાખી શકાય અને દિવાલ ઉપર પણ લગાવી શકાય.ઉપરાંત પેન સ્ટેન્ડ વિથ વોચ, મગ મા બીગ-મીડીયમ- સ્મોલ સાઈઝ ના અલગ અલગ લખાણ વાળા જેવા કે લવયુ મોમ, સુપર મધર, બેસ્ટ મોમના લખાણ વાળા, અમેરીક ડાયમંડ ની જવેલરી હાફસેટ બ્રેસલેટ, કડા, વીટી, ટોપ, પેન્ડલ સેટ, ચેઈન, સેસ જેમા વર્લ્ડ બેસ્ટ મોમ, કોમ્બો વોચ વીથ જવેલરી, સ્માર્ટવોચ, પોલીસ્ટોનના શો-પીસ વગેરે ગીફ્ટ બજારમાં આવી છે. માતા ને આપવા માટે સ્પે.ડાયમંડ જડીત પર્સ વોલેટ, રીસ્ટવોચ નવુ જ કલેકશન આવેલ છે. મેજીક મીરર ઘડીયાળ વાળી ફોટોફ્રેમ, બેસ્ટ મધર ઈન ધ વર્લ્ડવાળુ સર્ટીફીકેટ, આઈ લવ યુ મધર વાળુ ફજલ જેમા મધરના કોટેશન લખેલ છે. મેજીક મગ, કોસ્મેટીક આઈટમમાં લીપસ્ટીક, ફેસવોસ, સનસ્ક્રીપ, લીપ બામ, ડીઓ, પરફયુમ, નેઈલ પેન્ટ, કાજલ, લેડીઝ ફેન્સી ગોગલ્સ, સેલીબ્રેશન ચોકલેટ, ચોકલેટ બુકે, દુબઈના પરફયુમ, નામવાળા વોલેટ, કીચેઈન, પાસપોર્ટકવર, કોમ્બો વોલેટ, મગ, ફોટોફ્રેમ, ટીશર્ટ, કીચેઈન, લાઈટીંગ એલ.ઈ.ડી ફ્રેમ, લેડીઝના નામવાળા કડા, લોકેટ, લેડીઝનામ વાળી બેગ, ગીતવાળુ ફોટોફ્રેમ, વુડન મા સ?કેચ ફોટો, મધર્સ ડેના કાર્ડ મા ફોર યુ ડીયર મધર, લાઈફ ઈઝ યોર મધર, મધર આઈ લવ યુ યુ મીન એવરીથીંગ ટુ મી વગેરે હેડીંગવાળા કાર્ડની બોલબાલા છે.

આજે બ્રહ્માકુમારીઝ સે.૨૮ સેવાકેન્દ્ર ખાતે નાડી તપાસનાર પ્રખ્યાત મસાલા વૈદ્યનો કેમ્પ

ગાંધીનગર, તા.૧૩

એલોપેથી, આયુર્વેદ, હોમીઓપેથી જેવી પેથીઓ દ્વારા દર્દીની બીમારીના લક્ષણો અને દર્દીને શુ થાય છે તે આધારે અપાતી દવાઓ અને તેની આડઅસરના ચુંગાલમાંથી બહાર આવી નાડી તપાસી શરીરના મૂળ રોગને જ દૂર કરવા તથા તેની દવા તરીકે જેની કોઈ જ આડ અસર નથી તેવા આપણા ઘરના રસોડામાં રોજ બરોજ વપરાતા મસાલા જ લેવાનો હવે સમય પાકી ગયો છે.

ગુજરાતમાં ખ્યાતનામ નાડી વૈદ્ય નાડી તપાસી મૂળ રોગ માટે દવા તરીકે રસોડાના મસાલા આપતા વડોદરાના પ્રખ્યાત વૈદ્યરાજ ભીખાભાઈ પ્રભાતસિંહના પુત્ર વૈદ્યરાજ રણજીતસિંહ ભીખાભાઈનો કેમ્પ બ્રહ્માકુમારીઝ, ખાતે રવિવારે ૧૪ મેના રોજ સાંજે ૪ થી ૬ રાખવામાં આવેલ છે. જેમાં નાડી જોવાનો વ્યક્તિ દીઠ ચાર્જ રૂ.૫૦/- રહેશે. ત્યારબાદ દવા તરીકે આપવામાં આવનાર મસાલાનો ચાર્જ દર્દી દીઠ અલગ અલગ થશે. આ વૈદ્યરાજની સારવાર એટલી સચોટ અને અસરકારક છે કે તેની માંગ સમગ્ર ગુજરાતમાં સતત વધવા લાગી છે. ફળસ્વરૂપ તેમનો કેમ્પ અમદાવાદ, આણંદ, નડિયાદ, ડભોઈ, વડોદરા, રાજપારડી, સુરત, રાજકોટ, મોરબી, વિસનગર ખાતે દર મહિને નિયમિત એક જ વખત રાખવામાં આવી રહેલ છે. બ્રહ્માકુમારીઝ વિધ્યાલયના સાથી- સહયોગી, મોરબી તથા રાજકોટ સમાજ સેવાકેન્દ્ર તથા ઓમશાંતિ સ્કુલના માલિક ઠાકરસીભાઈ પટેલના વિશેષ પ્રયત્નથી ગાંધીનગરના સૌ નગરજનો માટે ગાંધીનગરમાં આ ચોથો કેમ્પ આયોજિત કરેલ છે. જેમાં માંગ અને સૌના આવકારને ધ્યાને લઈ આ સ્થળે દર બે મહિને બીજા રવિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કેમ્પ રહેશે. કૈલાશ દીદીએ પણ સૌને આ કેમ્પનો અચૂક લાભ લેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર ગ-૨ ચોકડી પાસે પાણની પાઈપ લીકેજ અથવા ટુટી જવાના કારણે છેલ્લા ચાર દિવસથી પાણીની રેલમછેલ થઈ પાણી વેડફાઈ રહ્યું છે અત્યારે હાલ ઉનાળામાં ગરમીને કારણે પાણીનો વધુ વપરાશ થાય છે અને પાણીનો ફોર્સ ઓછો આવે છે આવી રીતે વહીવટીતંત્રની ઘોર બેદરકારીને કારણે હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે પાણી માટે લોકો વલખાં મારે છે ત્યારે નદીની માફક વહેતું પાણી રોકવા જવાબદાર અધિકાર તથા કર્મચારીઓ દ્વારા વહેલી તકે મરામત કરાવવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ, કેશરીસિહ બિહોલાએ રજુઆત કરી હતી.

માતા-પુત્રીએ રમતગમતમાં અનોખી સિધ્ધિ હાંસલ કરી

માતૃત્વની સંગતમાં જીંદગીની રંગત બદલાઈ જાય છે. કેહવાય છે ને કે જેવો સંગ એવો રંગ. આજે વિશ્વ માતૃ દિવસ નિમિતે એક માતા સાથે પુત્રીની સિદ્ધને બીરદાવીશું, અંજના ચિરાગ સોલંકી એ લગ્ન પછી આર્મ રેસ્લિંગની તૈયારી કરી અને સ્ટેટ લેવલે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે અને તેમના પગલે જ તેમની પુત્રી હિર ચિરાગ સોલંકીએ પણ ટેકવોન્ડો ચેમ્પિયનશિપમાં ભાગ લઈને નેશનલમાં ગોલ્ડ તેમજ સ્ટેટ લેવલમાં સિલ્વર મેડલ તેમજ ટ્રોફી પણ જીતી છે અને હીરની સફર હજુ ચાલુ જ છે તે આવનારા સમયમાં ઈન્ટરનેશનલ ટેકવોંડો ચેમ્પિયનશિપ જીતવાની તૈયારી કરી રહી છે હાલમાં હીર ગ્રીન બેલ્ટ છે અને ભવિષ્યમાં બ્લેક બેલ્ટ થાય એ માટેની તૈયારી પણ ચાલી રહી છે. હીર સોલંકીને ૧૫મી ઓગસ્ટ,૨૦૨૨ના રોજ ડૉ.(Ms.) નીરજા ગોત્રુંરાઓ, આઈપીએસ, ડાયરેક્ટર જનરલ સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમ ગાર્ડ, અમદાવાદ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ-હર ઘર તિરંગા ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું તેના સંદર્ભમાં ટ્રોફી પણ આપવામાં આવી હતી. હીરની સફર આગળ પણ ચાલુ જ રહેશે તેમ અંજના ચિરાગે જણાવ્યું હતું.

મોરારીબાપુની રામકથાના સ્થળે નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર અભિયાન

ગાંધીનગર, તા.૧૩

તા.૧૩ના રોજ સતત ૯૨માં અભિયાન નિજાનંદ ફાર્મ ગિફ્ટ સિટી પાસે મોરારીબાપુની રામકથાનું આયોજન છે તે સ્થળે પ્રતિક સ્વરૂપે પ્લાસ્ટિકનો કચરો વીણવાનું અભિયાન કરવામાં આવ્યું હતું. જેમાં નેચર ફર્સ્ટ દ્વારા કથાના વિવિધ સ્થળે બેનર લગાવવામાં આવ્યા હતા. જેથી આવનાર ભક્તજનોમાં પણ જાગૃતિ ફેલાય આ અભિયાનમાં નેચર ફર્સ્ટના પ્રણેતા નારણભાઈ પી પટેલ, પૂર્વ ગૃહ મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, પ્રજ્ઞાબેન પટેલ ઈન્ડિયન રેડક્રોસનાં જીલુભા ધાંધલ, કુમારભાઈ તથા નેચર ફર્સ્ટની ટીમના સર્વે સભ્યો ઉપસ્થિત રહયા હતા. પ્લાસ્ટિકનો કચરો વીણવામાં સરળતા રહે તે માટે ઓસ્ટ્રેલિયા રહેતા અમરીશભાઈ ત્રિવેદીએ પ્લાસ્ટિક ગન મોકલેલ જે બદલ તેમનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે સાથે સાથે મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્લાસ્ટિકના પ્રદૂષણના વિવિધ ગંભીર બાબતો વક્તવ્ય આપ્યું હતું.

સંસ્કાર ગ્રુપ દ્વારા 'મધર્સ ડે'ની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સંસ્કાર ગ્રુપ દ્વારા આંતરરાષ્ટ્રીય માતૃ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સે. ૭ બગીચામાં સવારે ૯ થી ૧૦ કલાકે વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

૩૦ જૂને નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિના લાભો આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૩

૩૦ જૂનના રોજ નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીઓ-અધિકારીઓને ૧લી જુલાઈનો ઈજાફો ઉમેરીને નિવૃત્તિના લાભો આપવા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજે રજૂઆત કરી છે.

પેન્શનર્સ સમાજની અરજીના પગલે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલે મુખ્યમંત્રીને પત્ર લખી આ રજૂઆત પહોંચાડી છે. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજે રજૂઆત કરી છે કે જે કર્મચારીઓ/અધિકારીઓ ૩૦ જૂનના રોજ નિવૃત્ત થયેલા છે તેમને ૧લી જુલાઈનો ઈજાફો ઉમેરીને નિવૃત્તિના લાભો આપવા હાઈકોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. નામદાર હાઈકોર્ટે કર્મચારીઓ તરફે હૂકમ કરી નિવૃત્તિના લાભો આપવા જણાવ્યુ છે. આ બાબતે ઘણા વિભાગોએ હુકમો કરી કર્મચારીઓને લાભો આપ્યા છે પરંતુ ઘણા વિભાગોમાં હજુ લાભો આપવા હુકમ થયા નથી.

કર્મચારીઓ-અધિકારીઓને નિવૃત્તિના લાભો આપવા એ નીતિ વિષય બાબત છે. કર્મચારીઓ હાઈકોર્ટમાં જાય તે પછી તેની અમલવારી સરકાર કરે છે. આ બાબતોનો નિર્ણય સરકારશ્રી કક્ષાએથી થવો જોઈએ અને તારીખ ૩૦ જૂનના રોજ નિવૃત્ત થયેલા સરકારી અધિકારીઓ-કર્મચારીઓને ૧લી જુલાઈનો ઈજાફો ઉમેરીને નિવૃત્તિના લાભો આપવા જોઈએ તેવી રજૂઆત પેન્શનર્સ સમાજે કરી છે.

પેન્શનર્સ સમાજની રજૂઆતના પગલે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલે પણ મુખ્યમંત્રીકક્ષાએ આ બાબતે રજૂઆત કરી કર્મચારીઓના હીતમાં હકારાત્મક ઉકેલ લાવવા જણાવ્યુ છે.

આજે સે. ૬-બી ખાતે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ

ગાંધીનગર, તા. ૧૩

ચંદ્ર મૌલેશ્વર મહાદેવ, સેક્ટર-૬-બી ખાતે રવિવારે સ્વ. ઈન્દુમતીબેન નિમાવતના સ્મરણાર્થે સવારે ૮.૩૦ થી ૧૨ કલાકે નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા નિઃશુલ્ક સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

બ્રહ્માકુમારીઝ, સેક્ટર ૨૮ ખાતે ૫ થી ૧૨ ધોરણ ના બાળકો માટે કૈલાશ દીદીજી દ્વારા ૧૪ થી ૨૧ મે, સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ વિશેષ નિઃશુલ્ક 'સમર કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું છે.

જેના રજીસ્ટ્રેશન માટે '3D KIDS' લખી મોબાઈલ નંબર ૭૫૦૬૫૮૪૧૮૮ પર મેસેજ કરવા જણાવ્યું છે. આ વિશેષ નિઃશુલ્ક સમર કેમ્પનો મોટી સંખ્યામાં વિદ્યાર્થી બંધુઓને લાભ લેવા ઈશ્વરીય નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી



કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫

મકવાણા પ્રવિણભાઈ આર.

પ્રિયાંશી ભાવેશભાઈ વાળંદ
મો. ૯૧૦૪૪ ૪૩૩૭૬

જય કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬

ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

અશોક ભોગીલાલ ત્રિવેદી
રિટાયર્ડ આઈટીઆઈ પ્રિન્સિપાલ
મો. ૯૮૭૯૮ ૮૩૧૧૪



દેવ પ્રકાશકુમાર બારોટ
મો. ૯૪૨૬૩ ૫૨૭૯૨

ડો.રશ્મિકાંત મહેતા

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.સોલંકી લક્ષ્મીબેન કરશનજી** ઉ.વ.૮૦, વલાદ
- **સ્વ.ગોહીલ કીરીટસિંહ ઉદાજી** ઉ.વ.૫૭, વાવોલ
- **સ્વ.પંચાલ મંગુબેન મનસુખભાઈ** ઉ.વ.૭૦, પ્રાંતિયા
- **સ્વ.ચુડાસમા કલાવતી મનુભાઈ** ઉ.વ.૭૬, ગાંધીનગર
- **સ્વ.પટેલ સવિતાબેન જયંતિલાલ** ઉ.વ.૬૧, રાયસણ